કુલસચિવશ્રીની કચેરી,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

વિભાગ તરફથી કરવામાં આવતી અરજીઓ /રજુઆતો સીધે સીધી નહી પરંતુ નિયમોનુસાર કચેરી મારફત મોકલવા બાબત...

## –:: પરિપત્ર ::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની યુનિટ/સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, જે તે વિભાગ/યુનિટમાં ફરજ બજાવતા કર્મચારી/અધિકારીશ્રીઓની બદલી, અન્ય સંસ્થાઓમાં જાહેરાત અન્વયે મોકલવાની અરજીઓ, પાસપોર્ટ માટેના ના વાધાં પ્રમાણપત્ર મેળવવાની અરજીઓ/રજુઆતો વિગેરે સીધે સીધી વડી કચેરીને મોકલી આપવામાં આવે છે. તેમજ ઘણી અરજીઓ/ દરખાસ્તોમાં કચેરીના વડાની સહી થયેલ હોય છે પરંતુ અરજીમાં કોઈપણ જાતનો તેમનો સ્પષ્ટ અભિપ્રાય આપ્યા વગર ફકત સહી કરી આગળની કાર્યવાહી અર્થે અત્રે મોકલવામાં આવે છે જે વહિવટી દ્રષ્ટિએ યોગ્ય નથી. યુનિવર્સિટી હસ્તકની વિવિધ ફેકલ્ટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના અંદરો અંદર ઉપસ્થિત થતા પ્રશ્નોની લેખીત રજુઆતો કોઈપણ જાતની તપાસ કે કોલેજ લેવલેની કોઈપણ કાર્યવાહી કર્યાવગર સીધે સીધી રજુઆત મા.કુલપતિશ્રીને મોકલી આપવામાં આવે છે જે યોગ્ય નથી.

ઉપરોકત બાબતો ધ્યાને લેતા મા. કુલપતિશ્રીની સૂચના મુજબ હવેથી અધિકારીશ્રીઓ/કર્મચારી, વિદ્યાર્થીઓની કોઈપણ રજુઆતો, વહીવટી દરખાસ્તો નિયમ મુજબ સંપૂર્ણ કાર્યવાહી યુનિટ/કોલેજ લેવલે કર્યાબાદ જ આગળની કાર્યવાહી અર્થે અત્રે મોકલવી. વધુમાં જણાવવાનું કે, યુનિવર્સિટીના સ્ટેચ્યુટ/એકટના નિયમ મજુબ યુનિટ હેડ/ડીનની સત્તામાં આવતી કાર્યવાહી પોતાની કક્ષાએથી જ કરવી. મા. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર નિયમ મુજબ જે કાર્યવાહી અત્રેની કચેરીએથી કરવાની થતી હોઈ તેવી તમામ દરખાસ્ત/રજુઆતો નીચે જણાવ્યા મુજબ કચેરી મારફત અત્રે મોકલવાની રહેશે તેની નોંધ લેવી.

| અ. નં. | દરખાસ્ત / અરજીનો પ્રકાર | કયા અધિકારીશ્રી મારફત દરખાસ્ત / અરજી મોકલવી તેની વિગત | કયા અધિકારીને સંબોધિને દરખાસ્ત / અરજી મોકલવી તેની વિગત | નોંધ |
|---|---|---|---|---|
| ૧. | વહીવટી અને એકેડેમીક બાબતો | વિભાગના વડા / ડીન મારફત | કુલસચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી | વિભાગના વડા તેમજ ડીનશ્રીઓને ખાસ સુચના કે કોઈપણ અરજીમાં આગળની કાર્યવાહી અર્થે લેખીતમાં સ્પષ્ટ અભિપ્રાય આપવો તેમજ GAUs Act. કે સ્ટેચ્યુટમાં જોગવાઈ થયેલ હોય તો તેનો સંદર્ભ આપી આગળની કાર્યવાહી માટે મોકલવી. |
| ૨. | વિદ્યાર્થીઓને લગતી બાબતો | વિભાગના વડા / ડીન મારફત | નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, ન.કૃ.યુ., નવસારી. | |
| ૩. | સંશોધનને લગતી બાબતો | વિભાગના વડા | સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | |
| ૪. | બાંધકામને લગતી બાબતો | વિભાગના વડા / ડીન મારફત | કાર્યપાલક ઈજનેરશ્રી, ન.કૃ.યુ.,નવસારી | |
| ૫. | હિસાબી / ગ્રાંટને લગતી બાબતો | વિભાગના વડા / ડીન મારફત | હિસાબી અધિકારી – વ – હિસાબ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારી. | |

ઈ/ચા.કુલસચિવ

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/૧૦૬૬૪-૭૭/૨૦૧૪.
નવસારી. તારીખઃ૨૨/૦૯/૨૦૧૪.

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તરફ જણા તથા ચૂસ્ત પણે અમલ થવા સારુ.